અપીલ અરજી નં.૧૮૨ તા.૭–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રીમતી લક્ષ્મીબેન જયંતિભાઈ પટેલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી લક્ષ્મીબેન જયંતિભાઈ પટેલની તા.૫–૫–૧૦ ની અરજીથી સાઉથઝોન ઉધના ખાતે ૨૦૦૪, ૨૦૦૫, ૨૦૦૬ ના ફાઈનલબીલ મે–૨૦૦૭ માં બનાવેલ છે. પરંતુ નાયબ આરોગ્ય અધિકારી સહી કરેલ નથી. અને આજદિન સુધી અમોને પેમેન્ટ મળેલ નથી તેનું કારણ શું? તે અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૮૨/૨૦૧૦–૧૧

શ્રીમતી લક્ષ્મીબેન જયંતિભાઈ પટેલની તા.૫–૫–૧૦ ની અરજીથી સાઉથઝોન ઉધના ખાતે ૨૦૦૪, ૨૦૦૫,૨૦૦૬ ના ફાઈનલબીલ મે–૨૦૦૭ માં બનાવેલ છે. પરંતુ નાયબ આરોગ્ય અધિકારી સહી કરેલ નથી. અને આજદિન સુધી અમોને પેમેન્ટ મળેલ નથી તેનું કારણ શું? તે અંગે માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ દિન–૬૫ ના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૭–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૦૫ તા.૧૬–૯–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને લગભગ – ૬૫ દિવસના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે અંગે કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજુ કરવા તથા અપીલ અરજીમાં મુળ અરજીની નકલ, ફી ની વિગત સહ નકલ રજુ કરેલ ન હોઈ તે રજૂ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/આ.નં.૫૨ તા.૫–૫–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે સા.ઝોન/ ઉધના ૩૨ તા.૧૪–૬–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી મુળ અરજીની નકલ તથા ફી ભર્યાની રસીદ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૫–૫–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેમાં અન્ય વિગતોમાં ટેન્ડરના નિયમ મુજબ દર માસે કેમ બીલ આપતા નથી તેવી માહિતી પણ માંગેલ છે. જે બાબતે અરજદારે તા.૭–૯–૧૦ ના રોજ નાયબ આરોગ્ય અધિકારી ઉધના તરફથી કોઈ જવાબ ન મળવાથી દિન–૬૫ ના વિલબંથી અપીલ અરજી કરેલ છે. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિ બાદની પ્રથમ અપીલના કિસ્સામાં અરજદારના પૂરતા કારણ હેઠળ સમય મર્યાદામાં અપીલ કરી શકયા નથી. તેવી સંતોષકારક ખાત્રી પ્રથમ અપીલ અધિકારીને કરાવવાનું ઉત્તરદાયિત્વ અરજદાર પર નિર્ભર રહે છે અને તે ધ્યાને રાખી વિલંબિત અપીલ ગ્રાહય રાખવા યોગ્ય તે નિર્ણય લેવાનું પ્રથમ અપીલ અધિકારીની વિવેક બુધ્ધિને આધિન રહે છે. આ કાયદાકીય જોગવાઈના સંદર્ભે જ અરજદાર પાસેથી વિલંબના આધાર અને વાજબીપણા અંગે જે વિગતો માંગેલ છે.તેમ છતાં અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે તેવી કોઈ વિગતો અત્રે મળેલ નથી. આરટીઆઈ કાયદાની જોગવાઈઓ મુજબ વિલંબિત અપીલ અરજી વાજબીપણાની અનુપસ્થિતિમાં પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં કાયદાનું હાર્દ અને ભાવનાને ધ્યાને રાખી અરજદારની અપીલ ગ્રાહય રાખવામાં આવે છે. અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ જવાબ મળેલ નથી તેવી રજૂઆત અપીલમાં કરેલ છે જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રે રજૂ કરેલ પૂરક વિગતોમાં અરજદારને સા.ઝોન/ઉધના/૩૨ તા.૧૪–૬–૧૦ થી " અરજદારની અરજીમાં માંગેલ માહિતી મુજબ ટ્રેકટરના ફાઈનલ બીલ ઉપર સહી ન કરવા બાબત જણાવેલ છે જેના અનુસંધાને આરોગ્ય વિભાગ સા.ઝોન/ઉધના ખાતે સદર કોન્ટ્રાકટરનું ટ્રેકટર ઉન ગાંભેણી વિસ્તારમાંથી માટી મિશ્રિત કચરો ઉપાડવાનો કોન્ટ્રાકટ ધરાવે છે. સદર ટ્રેકટરના ફાયનલ બીલ માટે જરૂરી ટ્રેકટરની આરસીબુકની ઝેરોક્ષ નકલ સુરત મહાનગરપાલિકામાં ભરવામાં આવતો રોડટેક્ષ ના વાઉચરની નકલ, ટ્રેકટરના માલિકનું સંમતિ પત્રકની નકલ વિગેરે માહિતી વારંવાર માંગવા છતાં તેમના તરફથી આજ દિન સુધી રજૂ કરવામાં આવેલ નથી જેથી ફાઈનલ બીલની ચૂકવણી થઈ શકેલ નથી. " તેવું જણાવતો પત્રની નકલ રજૂ કરેલ છે. પરંતુ તે અરજદારે મોકલ્યાના કોઈ આધાર રજૂ કરેલ જણાતા નથી. પૂરક માહિતીમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમની સહી વિનાના પત્ર તા.૫–૧૦–૧૦ થી જણાવેલ છે કે તેમના પત્ર નં.૩૨૭ તા.૧૧–૮–૧૦ થી ઓડીટ માટે ૧૪ એમ બી રવાના કરેલ છે. પરંતુ અરજદારને તે અંગે સૂચિત કરતી કોઈ વિગતો મોકલ્યાનું જણાવેલ નથી. અરજદારે અપીલમાં માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૫–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે મુળ માહિતી પત્ર સાથે પૂરક વિગતોમાં નિર્દિષ્ટ કરેલ હકીકત અનુસારની દફતરી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરીપાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન).. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રીમતી લક્ષ્મીબેન જયંતિભાઈ પટેલ,